GJGS070003782010

सत्यमेव जयते

| તાલાલાના મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં<br>**રજુ તાઃ–૦૮/૧૨/૨૦૧૦**<br>**દાખલ તાઃ–૦૮/૧૨/૨૦૧૦**<br>**ફોજદારી કેસ નં.–૪૭૬/૨૦૧૦**<br>**ગુ.ર.નં. – ૮૯/૨૦૧૦**<br>**ફેસલ તાઃ–૩૦/૦૪/૨૦૨૬**<br>**આંકઃ–** | |
|---|---|
| **ફરિયાદી** | **શ્રી સરકાર** |
| ફરિયાદ પક્ષ તરફે | વિ.એ.પી.પી.શ્રી આઇ.એચ.તુર્ક |
| **આરોપીઓ:–** | **(૧) રેખાબેન વા/ઓ. ઘનશ્યામભાઇ મકોડભાઇ સાંથળીયા,**<br>**(૨) ઘનશ્યામભાઇ મકોડભાઇ સાંથળીયા,**<br>બંને રહે.સીતાપર, સ્વામી ગઢડા, જી.ભાવનગર.<br>**(૩) મુકેશ ઉર્ફે મુન્નો મનજી કાવઠીયા,**<br>રહે.જુનાગઢ.<br>**(૪) રમેશ ઉર્ફે રમણીક કેશુભાઇ વાળદોળીયા,**<br>રહે.ઇશ્વરીયા, જી.અમરેલી.<br>**(૫) ધીરૂભાઇ વૃજલાલ સોની,**<br>રહે.રાજકોટ. |
| આરોપીઓ તરફે | નં.૨ તર્ફે વિ.વ.શ્રી આર.એફ.ચૌહાણ.<br>નં.૪ તર્ફે વિ.વ.શ્રી જે.એમ.કુંભાણી. |

## –// <u>ફોર્મ–બી</u> //–

| | |
|---|---|
| બનાવની તારીખ | તા.૨૪/૦૮/૨૦૧૦ |
| એફ.આઇ.આર.ની તારીખ | તા.૨૬/૦૮/૨૦૧૦ |
| ચાર્જશીટ કર્યા તારીખ | તા.૨૬/૧૧/૨૦૧૦ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | |
| પુરાવો શરૂ કર્યા તારીખ | તા.૦૯/૦૨/૨૦૨૪ |
| જજમેન્ટ પર મુક્યા તારીખ | તા.૩૦/૦૪/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યા તારીખ | તા.૩૦/૦૪/૨૦૨૬ |
| સજાનો હુકમ | નિર્દોષ ઠરાવેલ છે |

## –// આરોપીઓની વિગત //–

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમ | છુટી ગયો કે સજા થઇ | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રેખાબેન વા/ઓ. ઘનશ્યામભાઇ મકોડભાઇ સાંથળીયા | | | ઇ.પી.કો.કલમ–૩૭૯, ૧૧૪ | સી.આર.પી.સી ૨૯૯ મુજબ કાર્યવાહી કરેલ છે. | – | – |
| ૨ | ઘનશ્યામભાઇ મકોડભાઇ સાંથળીયા | | | | નિર્દોષ ઠરાવેલ છે. | – | – |
| ૩ | મુકેશ ઉર્ફે મુન્નો મનજી કાવઠીયા | | | | સી.આર.પી.સી ૨૯૯ મુજબ કાર્યવાહી કરેલ છે. | – | – |
| ૪ | રમેશ ઉર્ફે રમણીક કેશુભાઇ વાળદોળીયા | | | | નિર્દોષ ઠરાવેલ છે. | – | – |
| ૫ | ધીરૂભાઇ વૃજલાલ સોની | | | | સી.આર.પી.સી ૨૯૯ મુજબ કાર્યવાહી કરેલ છે. | – | – |

## –// ફોર્મ–સી //–

**સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક પુરાવા રજુ કરેલો છે.**

| અ.નં. | આંક | સાહેદનુ નામ | રિમાર્કસ |
|---|---|---|---|
| (૧) | ૨૬ | મનીષભાઇ ચંદુભાઇ પાલાની જુબાની. | પંચ સાહેદ |
| (૨) | ૨૮ | હીતેષભાઇ નંદલાલભાઇ નાંઢાની જુબાની. | પંચ સાહેદ |
| (૩) | ૪૩ | રાજુભાઇ અમૃતભાઇ કણસારાની જુબાની. | સાહેદ |
| (૪) | ૪૪ | પરેશભાઇ પ્રભુદાસભાઇ ડોડીયાની જુબાની. | સાહેદ |
| (૫) | ૫૧ | જનકસિંહ બળવંતસિંહ વાઘેલાની જુબાની. | ત.ક.અ. |

**સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૨૪ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ |
| (૨) | ૨૬(એ) | અટક પંચનામુ |
| (૩) | ૪૭, ૪૮ | અટક પંચનામુ |
| (૪) | ૫૨ | એફ.આઇ.આર. |
| (૫) | ૫૩ | મુદામાલ કબજે કર્યા અંગેનુ પંચનામુ |

**-:: ઠરાવ ::-**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૨૪/૮/૨૦૧૦ ના કલાક ૯/૩૦ થી ૧૦/૦૦ ના સમય દરમ્યાન તાલાલા સોની બજારમાં આવી આ કામના ફરીયાદીની સોની બજારમાં આવેલ શ્રીજી જવેલર્સમાં ફરીયાદીની દુકાનમાં ગ્રાહક બની આવી સોનાના દાણા બતાવવાનુ કહી ફરીયાદીએ સોનાના દાણાનુ બોકસ ખોલી બતાવતા જે સોનાના દાણા જોતા અન્ય દાણા બતાવવાનુ કહી ફરીયાદીની નજર ચુકાવી સોનાના દાણા નંગ-૮૪, કિંમત રૂા.૧૭,૨૦૦/- ની ચોરી કરી મોટર સાયકલ નં.આર.જે.-૧-ડી.સી.-૯૯૫૨ ઉપર નાસી જઇ તથા જે મુદામાલ આરોપી નં.૫ નાએ રાખી એકબીજાને મદદગારી કરી ગુન્હો કરતા, તે અંગેની આ કામના ફરીયાદીએ ફરીયાદ કરતા આરોપીઓ વિરૂધ્ધ તપાસના અંતે પુરતા પુરાવા મળી આવતા હાલના ગુનાનુ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**(૨)** ત્યારબાદ આ કામના આરોપીઓને આ અદાલત દ્વારા સમન્સ કરતા, આ કામના આરોપી નં.૨ તથા ૪ અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે. જયારે આ કામના આરોપી નં.૧, ૩ તથા ૫ ને અત્રેની અદાલત દ્વારા હાલનાં કેસની ટ્રાયલ દરમ્યાન અવાર નવાર પ્રોસેસ ઇસ્યુ કરેલ હોવા છતાં આ કામનાં આરોપી નં.૧, ૩ તથા ૫ કોર્ટ સમક્ષ હાજર થતા ન હોય સી.આર.પી.સી.કલમ-૨૯૯ મુજબ એકતરફી આરોપીઓની ગેરહાજરીમાં ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૩)** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાતા આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**(૪)** આ કામે ફરીયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષ તર્ફે તેમના વિ.વકીલશ્રી દ્વારા કરવામાં મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૫)** ઉપરોકત હકીકતે કેસના નિર્ણય માટે નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

**-:: મુદાઓ ::-**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ

તા.૨૪/૮/૨૦૧૦ ના કલાક ૯/૩૦ થી ૧૦/૦૦ ના સમય દરમ્યાન તાલાલા સોની બજારમાં આવી આ કામના ફરીયાદીની સોની બજારમાં આવેલ શ્રીજી જવેલર્સમાં ફરીયાદીની દુકાનમાં ગ્રાહક બની આવી સોનાના દાણા બતાવવાનુ કહી ફરીયાદીએ સોનાના દાણાનુ બોકસ ખોલી બતાવતા જે સોનાના દાણા જોતા અન્ય દાણા બતાવવાનુ કહી ફરીયાદીની નજર ચુકાવી સોનાના દાણા નંગ–૮૪, કિંમત રૂા.૧૭,૨૦૦/– ની ચોરી કરી મોટર સાયકલ નં.આર.જે.–૧–ડી.સી.–૯૯૫૨ ઉપર નાસી જઇ તથા જે મુદામાલ આરોપી નં.પ નાએ રાખી એકબીજાને મદદગારી કરી આઇ.પી.સી.કલમ–૩૭૯, ૧૧૪ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદાનો મારો નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**(૭)** આ માટેના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

**મુદા નં.૧ :–**

**(૮)** આ કામમાં રેકર્ડ ઉપર રજુ થયેલો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા બંને પક્ષોની દલીલોને ઘ્યાને લેતા આ કામના ફરીયાદી પ્રભુદાસ હરજીવન લોઢીયાને અત્રેની અદાલત દ્રારા સમન્સ કરવામાં આવતા ફરીયાદી મરણ ગયેલ હોવાના કારણે તેમના મરણના દાખલા સાથે તેમનો સમન્સ પરત ફરેલ છે. જેથી આ કામના ફરીયાદી મરણ ગયેલ હોવાના કારણે ફરીયાદપક્ષ તર્ફે તેમને તપાસી શકાયેલ નથી. વધુમાં આ કામના સાહેદ જેન્તીભાઇ કાંતીભાઇ જોગીયા પણ મરણ ગયેલ હોવાના કારણે ફરીયાદપક્ષ તર્ફે તેમને તપાસી શકાયેલ નથી.

**(૯)** આ કામે ફરીયાદપક્ષે આંક–૨૬ થી પંચ સાહેદ મનીષભાઇ ચંદુભાઇ પાલા તથા આંક–૨૮ થી પંચ સાહેદ હીતેષભાઇ નંદલાલભાઇ નાંઢા નાઓને તપાસવામાં આવેલા છે. જેઓ આંક–૨૬(એ) થી રજુ થયેલ અટક પંચનામાના પંચ સાહેદો છે. સદર પંચ સાહેદોએ પોતાના પુરાવામાં આંક–૨૬(એ) થી રજુ થયેલ

પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. જેથી સદર પંચ સાહેદોને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવા છતા તેઓએ પોતાના પોલીસ રૂબરૂના પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

(૧૦) આ કામે ફરીયાદપક્ષે આંક–૪૩ થી સાહેદ રાજુભાઇ અમૃતભાઇ કણસારાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૦૮/૦૯/૨૦૧૦ ના રોજ પોલીસે તેઓનુ નીવેદન લીધેલ જેમાં માત્ર તેઓનુ નામ ઠામ પુછેલ એ સીવાય બીજુ કાંઇ પુછેલ નહી. આ સાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવા છતા તેઓએ પોતાના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

આ સાહેદની બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, બનાવ અંગેની મને કોઇ જાત માહીતી નથી અને પોલીસે ફકત મારુ નામઠામ પુછેલ તે સીવાય અન્ય કાંઇ પુછેલ નહી તથા મેં કાંઇ લખાવેલ નહી. એ વાત ખરી છે કે, મેં આરોપીને નજરે જોયેલા નથી."

(૧૧) આ કામે ફરીયાદપક્ષે આંક–૪૪ થી સાહેદ પરેશભાઇ પ્રભુદાસભાઇ ડોડીયાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૭/૦૮/૨૦૧૦ ના રોજ પોલીસે તેઓનુ નીવેદન લીધેલ જેમાં માત્ર તેઓનુ નામ ઠામ પુછેલ એ સીવાય બીજુ કાંઇ પુછેલ નહી. આ સાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવા છતા તેઓએ પોતાના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

આ સાહેદની બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, બનાવ અંગેની મને કોઇ જાત માહિતી નથી. ચોરી થયેલો મુદામાલ અમોને જે તે સમયે મળી ગયેલ. એ વાત ખરી છે કે, ફરીયાદી મારા પિતાજી ગુજરી ગયેલ છે. એ વાત ખરી છે કે, સદરહુ કેસ બાબતે અમારે આગળ કોઇ કાર્યવાહી કરવાની રહેતી નથી. એ વાત ખરી છે કે, મેં આરોપીને નજરે જોયેલા નથી."

(૧૨) આ કામે ફરીયાદપક્ષે આંક–૫૧ થી તપાસ કરનાર અમલદાર જનકસિંહ

બળવંતસિંહ વાઘેલાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૭/૦૯/૨૦૧૦ થી તેઓ તાલાલા પો.સ્ટે.ના પી.એસ.આઇ. અને થાણા અધિકારી તરીકે તેઓનો ચાર્જ સંભાળેલ ત્યારે તાલાલા પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં.૮૯/૨૦૧૦ ના કામે તપાસ ગત પી.એસ.આઇ. વી.કે.પટેલ સર તરફથી તેઓને મળેલી અને તે તપાસ તેઓએ સંભાળેલી. જે તપાસના કામે અગાઉ આરોપીઓ પકડાયેલ સીવાયના આરોપી નં.૧ કાળુ દાના ઘેટીયા, ૨. વલ્લભ મનસુખ, ૩. શીલાબેન વા/ઓ. વલ્લભભાઇ જાતે.દેવીપુજક, રહે.પીપળીયા, જી.ભાવનગરવાળાને તપાસ માટે તેઓ તથા તેઓના અંગત બાતમીદાર મારફત તપાસ કરેલ અને આ બાબતે ગઢડા પોલીસ પી.એસ.આઇ. અને એલ.સી.બી. પી.એસ.આઇ. ભાવનગરને રહેવા અને આ કામના આરોપીઓને શોધવા યાદીથી જાણ કરેલ તેમજ આ કામના આરોપીઓ અવાર નવાર તપાસ કરવા છતા મળી આવતા ન હોય જેથી સી.આર.પી.સી. ૭૦ મુજબનુ વોરંટ મેળવવા માટે નામદાર કોર્ટને રીપોર્ટ કરેલ. બાદ આ કામે થયેલ કાગળો અને આગળનુ ચાર્જશીટ કરી નામદાર કોર્ટમાં ઇન્સાફી કાર્યવાહી થવા માટે મોકલી આપેલ. આ કામના આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા તેમના વિરૂધ્ધ ચાર્જશીટ કરેલુ. ત.ક.અમલદારે પોતાના પુરાવામાં આંક-૫૨ થી એફ.આઇ.આર. તથા આંક-૫૩ થી મુદામાલ કબજે કર્યા અંગેનુ પંચનામુ રજુ રાખેલ છે.

આ સાહેદની બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, આ કામે મોટાભાગની તપાસ તેઓના પુર્વગામી પી.એસ.આઇ. વી.કે.પટેલ સાહેબે કરેલ છે. એ વાત ખરી છે કે, અમો દ્રારા આ કામે તપાસની કામગીરી કે કોઇ મુદામાલ રીકવર કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, વી.કે.પટેલ સાહેબની તપાસ દરમ્યાન પુરાવો જણાય આવતા ચાર્જશીટ કરેલ."

**(૧૩)** આમ, આ કામે સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આ કામના ફરીયાદી તથા સાહેદ જેન્તીભાઇ કાંતીભાઇ જોગીયા મરણ ગયેલ હોવાના કારણે ફરીયાદપક્ષ તર્ફે તેમને તપાસી શકાયેલ નથી. વધુમાં આ કામે આંક-૨૬ તથા ૨૮ થી તપાસવામાં આવેલ પંચ સાહેદોના પુરાવા પરથી આંક-૨૬(એ) વાળુ પંચનામુ સમર્થન પામી પુરવાર થતુ નથી. વધુમાં આ કામે સાહેદ રાજુભાઇ અમૃતભાઇ

કણસારાને આંક-૪૩ થી તપાસેલા છે, પરંતુ તેઓએ પોતાના પોલીસ રુબરુના નીવેદનથી વિરૂધ્ધની જુબાની આપેલ છે. જયારે આરોપી તર્ફેની ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, **બનાવ અંગેની તેઓને કોઇ જાત માહીતી નથી અને પોલીસે ફકત તેઓનુ નામઠામ પુછેલ તે સીવાય અન્ય કાંઇ પુછેલ નહી તથા તેઓએ કાંઇ લખાવેલ નહી તેમજ તેઓએ આરોપીને નજરે જોયેલા નથી.** વધુમાં આ કામે સાહેદ પરેશભાઇ પ્રભુદાસભાઇ ડોડીયાને આંક-૪૪ થી તપાસેલા છે, પરંતુ તેઓએ પોતાના પોલીસ રુબરુના નીવેદનથી વિરૂધ્ધની જુબાની આપેલ છે. જયારે આરોપી તર્ફેની ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, **બનાવ અંગેની તેઓને કોઇ જાત માહિતી નથી તેમજ ચોરી થયેલો મુદામાલ તેઓને જે તે સમયે મળી ગયેલ તેમજ ફરીયાદી તેઓના પિતાજી ગુજરી ગયેલ છે તેમજ સદરહુ કેસ બાબતે તેઓને આગળ કોઇ કાર્યવાહી કરવાની રહેતી નથી તેમજ તેઓએ આરોપીને નજરે જોયેલા નથી.** વધુમાં આ કામે તપાસ કરનાર અમલદાર જનકસિંહ બળવંતસિંહ વાઘેલાને આંક-૫૧ થી તપાસેલા છે. તેઓએ પોતાની સરતપાસમાં તેઓની ફરજ દરમ્યાનની રૂટીન કાર્યવાહી મુજબ હાલના આક્ષેપીત બનાવની તપાસ કર્યા સંદર્ભેનો પુરાવો રજુ કરેલ છે. જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં ત.ક.અમલદારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **આ કામે મોટાભાગની તપાસ તેઓના પુર્વગામી પી.એસ.આઇ. વી.કે.પટેલ સાહેબે કરેલ છે તેમજ તેઓ દ્વારા આ કામે તપાસની કામગીરી કે કોઇ મુદામાલ રીકવર કરવામાં આવેલ નથી તેમજ વી.કે.પટેલ સાહેબની તપાસ દરમ્યાન પુરાવો જણાય આવતા ચાર્જશીટ કરેલ.** આમ આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા હાલના ત.ક.અમલદાર દ્વારા કરવામાં આવેલ તપાસને તેનાથી સમર્થન પ્રાપ્ત થતુ નથી. વધુમાં બચાવપક્ષ દ્વારા બનાવવાળી જગ્યાનુ પંચનામુ આંક-૨૪ થી તેમજ અટક પંચનામુ આંક-૪૭ તથા ૪૮ થી એડમીટ કરવામાં આવેલ છે. પરંતુ સદર દસ્તાવેજી પુરાવાથી આ કામના આરોપીઓએ સોનાના દાણાની ચોરી કરેલાની હકીકત જણાય આવતી નથી.

(૧૪) આમ, સદર કામે રજુ ફરીયાદપક્ષના પુરાવાથી ફરીયાદમાં જણાવ્યા મુજબની ચોરી થયેલ હોવાની હકીકતને સમર્થન મળે છે, પરંતુ સદર કામના આરોપીઓએ ચોરી કરેલ હોય તેવી કોઇ હકીકત જણાય આવતી નથી. એ વાત ઉલ્લેખનીય છે કે, ચોરીના ગુનામાં નજરે જોનાર સાહેદ હોઇ શકે નહી તેથી સીધા

પુરાવાથી ચોરીનો ગુનો પુરવાર કરવો ઘણો કઠીન છે. પરંતુ હાલના આરોપીઓને સીધી રીતે કે સાંયોગીક પુરાવાને આધારે આ ગુનાના કામે સાંકળી શકાય તેવી હકીકત ફરીયાદપક્ષે રેકર્ડ ઉપર લાવવાની રહે છે. ઉપર જણાવ્યા મુજબ સાહેદોની સોગંદ ઉપરની જુબાની રજુ થયેલ છે તે જુબાનીથી આરોપીઓએ ચોરી કરેલાની હકીકતને સમર્થન પ્રાપ્ત થતુ નથી. જેથી ફરીયાદપક્ષ તરફથી આરોપીઓને હાલના ગુનાના કામે સાંકળી શકાય તેવો કોઇ પુરાવો રજુ થતો નથી. આમ સદર કામે ઉપરોકત તમામ એકંદર હકીકતને ધ્યાને લેતા આરોપીઓ વિરૂધ્ધના મજકુર ગુનાના કામે આરોપીઓને સીધા પુરાવાથી કે સાંયોગીક પુરાવાથી સાંકળી શકાય તેવી કોઇ હકીકત કે પુરાવો ફરીયાદપક્ષ આ કામે રજુ કરી શકેલ નથી.

**(૧૫)** આમ, ઉપરોકત કરેલ સમગ્ર ચર્ચા, રજુ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા, રજુ પ્રોસેસ તથા નિવેદનો તમામ એકસાથે ધ્યાને લેવામાં આવે તો આ કામે ફરીયાદપક્ષ આરોપીઅ સામેનો આક્ષેપિત ગુનો સાબિત કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે તેવુ આ કોર્ટનુ નમ્રપણે માનવુ છે. આરોપી વિરૂધ્ધ ફકત ચાર્જશીટ થવા માત્રથી આરોપીએ આક્ષેપિત ગુનો કરેલ છે તેવુ માની સજા કરી શકાય નહી, તે ગુનો ફરીયાદપક્ષે નિ:શંકપણે સાબિત કરવાનો હોય છે. એટલે કે ફરીયાદપક્ષ કોર્ટમાં પોતાનો કેસ લઈને આવેલા છે અને તે શંકાથી પર સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર હોય છે, જે ફરીયાદપક્ષ સાબિત કરવામાં સંપુર્ણપણે નિષ્ફળ ગયેલ છે.

**(૧૬)** આમ,જયારે ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેતા આરોપી વિરૂધ્ધનો ગુનો નિ:શંકપણે સાબીત થતો ન હોય તેવા કિસ્સામાં આરોપી વિરુદ્ધ સબબ ગુનાની જોગવાઈ મુજબના તત્વો સાબિત થતા ના હોય તે સબબ ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય નહી. તે માટેનું નામદાર સુપ્રિમ કોર્ટનું જજમેન્ટ ટાંકવું અતિ આવશ્યક છે. In the case of **Sharad Birdhichand Sarda v. State of Maharastra, AIR 1984 SC 1622, the Apex Court** has laid down the tests which

are prerequisites before conviction should be recorded, which are as under:

> i. The circumstances from which the conclusion of guilt is to be drawn should be fully established. The circumstances concerned 'must or should' and not 'may be' established;
>
> ii. The facts so established should be consistent only with the hypothesis of the guilt of the accused, that is to say, they should not be explainable on any other hypothesis except that the accused is guilty;
>
> iii. The circumstances should be of conclusive nature and tendency;
>
> iv. They should exclude every possible hypothesis except the one to be proved; and
>
> v. There must be a chain of evidence so complete as not to leave any reasonable ground for the conclusion consistent with the innocence of the accused and must show that in all human probability the act must have been done by the accused.

આમ, ઉપરોક્ત નામદાર સુપ્રીમ કોર્ટનું રજુ જજમેન્ટ ધ્યાને રાખતા હાલના કામે સાહેદોની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને કોઇ સમર્થન મળતુ નથી અને સાહેદોની જુબાની જોતા આરોપી વિરૂધ્ધ જે કલમો મુજબનો ગુનો નોંધાયેલ છે, તેના હાર્દ અન્વયે તેઓએ જુબાની આપેલ નથી તથા સદરહુ પુરાવો ધ્યાનથી વંચાણે લેતા કલમોના આવશ્યક તત્વો ફળીભુત થતા નથી અને તે રીતે મુદા નં.૧ ની હકીકત ફરીયાદપક્ષ સાબિત કરવામાં સરીયામ નિષ્ફળ ગયેલ છે. આમ ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ તહોમતનામુ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, પુરાવાના અભાવે મુદા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદા નં.ર માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

**(૧)** આ કામના **આરોપીઓ** (ર) ઘનશ્યામભાઇ મકોડભાઇ સાંથળીયા,

રહે.સીતાપર, સ્વામી ગઢડા, જી.ભાવનગર તથા ૪) રમેશ ઉર્ફે રમણીક કેશુભાઈ વાળદોળીયા, રહે.ઈશ્વરીયા, જી.અમરેલી નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી ક્રિ. પ્રો. કોડની કલમ–૨૪૮(૧) અન્વયે પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે તેમજ **આરોપીઓ** (૧) રેખાબેન વા/ઓ. ઘનશ્યામભાઈ મકોડભાઈ સાંથળીયા, (૩) મુકેશ ઉર્ફે મુન્નો મનજી કાવઠીયા તથા (૫) ધીરૂભાઈ વૃજલાલ સોની નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી ક્રિ. પ્રો. કોડની કલમ–૨૪૮(૧) બીનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** સદર કામે કબજે કરવામાં આવેલ મુદામાલ સોનાના દાણા નંગ–૮૪ અંગે વચગાળાના તબકકે કરવામાં આવેલ હુકમ આથી કાયમ રાખવામાં આવે છે તેમજ સદર કામે કબજે કરવામાં આવેલ મુદામાલ વાહન અંગે માલીકીની ખરાઈ કરી તેના મુળ માલીકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** સદર કેસ આરોપી નં.૧, ૩ તથા ૫ ની ગેરહાજરીમાં ચલાવેલ હોય, સબબ સદર ચુકાદો આરોપી નં.૧, ૩ તથા ૫ ની ગેરહાજરીમાં જાહેર કરેલ છે.

**(૪)** આરોપી નં.ર તથા ૪ નાએ પ્રત્યેકે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના રૂા.૫,૦૦૦/– ના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

ચુકાદો આજરોજ **તા.૩૦, માહે– એપ્રિલ, સને– ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી/સિક્કો કરીને જાહેર કર્યો.

સ્થળઃ તાલાલા.
તારીખઃ ૩૦–૦૪–૨૦૨૬

**(પુષ્પરાજસિંહ નરેન્દ્રસિંહ જાડેજા)**
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ.
તાલાલા.
કોડ નં. જી.જે. ૦૧૭૩૩.